## શ્રીયમુનાજી નીઆરતી:

જયજય શ્રીયમુના, માં જયજય શ્રીયમુના,

જ્યોતા જનમ સુધારયો, જ્યોતા જનમ સુધારયો.

ધન્ય ધન્ય શ્રી યમુના, માં જયજય શ્રીયમુના..............

શામલડી સુરત માં મુરત માંધુરી, માં મુરત માંધુરી,

પ્રેમ સહિત પટરાની,પ્રેમ સહિત પટરાણી,

પ્રરાક્રમે પુરા, માં જયજય શ્રીયમુના................

ઘે વર વન ચાલ્યા માં ગંમભીરે ઘેરયા, માં ગંમભીરે ઘેરયા,

ચુંદડી એ ચટકાળા,ચુંદડી એ ચટકાળા,

પેહરયા ને લહેરયા, માં જયજય શ્રીયમુના..............

ભુંજ કંકણ રૂડા માં ગુંજરયા ચુડી,  માં ગુંજરયા ચુડી,

બાજુબંધ ને બેરખા, બાજુબંધ ને બેરખા,

પહોંચીરત્ન જડીત, માં જયજય શ્રીયમુના..............

ઝાંઝર ને જમકે માં વીંછ્યા ને ઠમકે, માં વીંછ્યા ને ઠમકે,

નૃપુર ને ના દે માં, નૃપુર ને ના દે માં,

ધુઘરી ને ધમકે, માં જયજય શ્રીયમુના..............

સોળ શણગાર સજયા માં નકવે સરમોતી, માં નકવે સરમોતી,

આભુષણ માં ઓપો છો, આભુષણ માં ઓપો છો,

દર્પણ મુખ જોતા, માં જયજય શ્રીયમુના.............

તટ અંતર રૂડા માં શોભિત જળ ભરિયા, માં શોભિત જળ ભરિયા,

મનવાંછિત મુરલીધર, મનવાંછિત મુરલીધર,

સુંદિર વર વરયા, માં જયજય શ્રીયમુના.............

લાલ કમલ લપટાણાં માં જોવાને ગ્યાતા, માં જોવાને ગ્યાતા,

કહે માધવ પરિક્રમા, કહે માધવ પરિક્રમા,

વ્રજ ની કરવાને ગ્યાતા, માં જયજય શ્રીયમુના.............

યમુનાજી ની આરતી વિશ્રામ ઘાટે થાય, માં વિશ્રામ ઘાટે થાય,

૩૩ કરોડ દેવતા, ૩૩ કરોડ દેવતા

દર્શન કરવા જાય, , માં જયજય શ્રીયમુના.............

યમુનાજી ની આરતી, જે કોઇ ગાશે માં જે ભાવે ગાશે,

એના જનમ જનમ ના પાપો, જનમ જનમ ના પાપો,

સઘડા દૂર થાશે, માં જયજય શ્રીયમુના.............

જયજય શ્રીયમુના, માં જયજય શ્રીયમુના,

જ્યોતા જનમ સુધારયો, જ્યોતા જનમ સુધારયો,

ધન્ય ધન્ય શ્રીયમુના, માં જયજય શ્રીયમુના..........